**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : જાગૃતિ વકીલ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 11-05-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## લોકસભા ચૂંટણી

લોકસભાના ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે. આ પૂર્વે તમામ પક્ષો મતદાતાઓને રિઝવવાના અંતિમ પ્રયાસો કરી રહ્યા છે. લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પણ પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ચોથા તબક્કા માટે 13 મેના રોજ મતદાન થવાનુ છે. આ તબક્કામાં દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં 1 હજાર, 717 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

**RNU અમદાવાદ**

---

## SSC પરિણામ : રાજ્ય-કચ્છ

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ 10નું રાજ્યનું પરિણામ 82.56 ટકા રહ્યું છે. જેમાં સૌથી વધુ પરિણામ ધરાવતા

કેન્દ્રોમાં અમદાવાદ ગ્રામ્યનુ દાલોદ અને ભાવનગરનું તલગાજરડાનું 100 ટકા પરિણામ છે. જ્યારે ભાવનગરના તડ કેન્દ્રનું સૌથી ઓછુ પરિણામ 41.13 ટકા  છે. સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું  87.22 ટકા પરિણામ છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો પોરબંદર રહ્યો છે. જેનુ 74.57 ટકા પરિણામ છે. રાજ્યમાં સૌ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા એક હજાર 389 છે. જ્યારે 70 શાળાઓનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. રાજ્યમાં એ-વન ગ્રેડમાં 23 હજાર 247 વિદ્યાર્થીઓ અને એ- ટુ ગ્રેડમાં 78 હજાર 893 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

રાજયમાં 19મા ક્રમે રહેલા કચ્છ જિલ્લાનું 85.31 ટકા પરિણામ આવ્યું છે. જિલ્લાની 100 શાળાઓનું પરિણામ 100 ટકા આવ્યું. જિલ્લામાં કુલ 423 વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ તો એ-2 માં 1,992 વિદ્યાર્થીઓ રહ્યા, જિલ્લામાં સૌથી વધુ બાલાસર કેન્દ્રનું 98.44 ટકા અને સૌથી નીચું ખાવડા કેન્દ્રનું 64.50 ટકા પરિણામ રહ્યું હતું.

RNU અમદાવાદ/ જાગૃતિ વકીલ

---

## NTS પરીક્ષા

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જૂન 2024 ના સત્ર માટે યોજાનાર નેટની પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો ક્યો છે. અગાઉ આ તારીખ 10 મે હતી જે વધીને 15 મે 2024 કરાઇ છે. અત્રે

ઉલ્લેખનીય છે કે, નેટની પરીક્ષા આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા, જુનિયર રિસર્ચ ફલોશિપ મેળવવા તેમજ પીએચડીમાં એડમિશન મેળવવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા યોજવામાં આવે છે.

તૌફિક સમા

---------------------------------------------------------------------------

## સબ રજિસ્ટ્રાર કચેરી

ભુજ, મુન્દ્રા સબ રજિસ્ટ્રાર કચેરીને બાદ કરતાં જિલ્લાની અન્ય 8 સબ રજિસ્ટ્રાર કચેરીઓનો સ્ટાફ લોકસભા ચૂંટણીમાં રોકાયેલો હોઇ આ કચેરીઓમાં તા.6થી 8 મે સુધી રજા હતી. તા.09-05ના 8માંથી 7 કચેરીઓમાં કામગીરીનો ધમધમાટ શરૂ થવાની સાથે એક જ દિવસમાં 282 લેખ નોંધણી થયા હતા અને સરકારને 1.33 કરોડની આવક થઇ હતી. તંત્રને નોંધણી ફી પેટે રૂ.16,48,540, સ્ટેમ્પ ડ્યૂટી પેટે રૂ.1,16,95,316 મળી કુલ રૂ.1,33,41,448 ની આવક થઇ હતી.

N.P. જાગૃતિ વકીલ

---------------------------------------------------------------------------

## અકસ્માત

કચ્છમાં ગાંધીધામ-સામખીયાળી વચ્ચેના છ માર્ગીય ધોરીમાર્ગ પરના ભચાઉ તાલુકાના ચોપડવા ઓવરબ્રિજ ઉપર આજે સવારે વાહન અકસ્માતની ઘટના સર્જાઈ હતી. જેમાં આગળ ઉભેલી ટ્રક પાછળ

પુરપાટ જતા કન્ટેનર ટ્રેલર ટકરાઈ પડતા માર્ગ ઉપર પલટી મારી ગયું હતું. જેના કારણે માર્ગ બ્લોક થઈ જતા ગાંધીધામ તરફ જતા માર્ગે વાહન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો. માર્ગ ઉપર અંદાજીત 4 થી 5 કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો છે.

N.P. જાગૃતિ વકીલ

---------------------------------------------------------------------

## હવામાન

રાજ્ય સહિત દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગ અનુસાર આગામી 24 કલાકમાં પૂર્વોત્તર ભારત, તટિય પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક અને કેરળના કેટલાક ભાગોમાં વીજળી અને પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

કચ્છ જિલ્લામાં તાપમાનનો પારો આંશિક ઘટ્યો છતા બફારા સાથે ગરમીનું પ્રમાણ યથાવત રહેતા લોકો પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે. જોકે, ગરમીનું પ્રમાણ વધતા કચ્છની કેસર કેરીમાં શાખ આવવાથી સારી આવક થવાની ખેડૂતોને આશા જાગી છે.

N.P. જાગૃતિ વકીલ

---------------------------------------------------------------------

## આઇપીએલ

IPLમાં આજે કોલકાત્તાના ઇડન ગાર્ડન સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે.

RNU અમદાવાદ

------------------------------------------------------------------------

## માતૃ દિવસ

આવતી કાલે મે મહિનાના બીજા રવિવારે માતૃ દિવસની થાય છે. જે નિમિત્તે ભુજના જનરલ હોસ્પિટલના સ્ત્રીરોગ નિષ્ણાત ડો.ચાર્મી પાવાણી અને ડો. પ્રફુલ્લા ભિંડેના જણાવ્યા મુજબ કેટલીક સ્ત્રીઓમાં બનવાની સંપૂર્ણ પ્રક્રિયાને એક જવાબદારી અને ભારરૂપ સમજે છે, પરંતુ એમ માનવને બદલે શારીરિક પ્રક્રિયા સમજીને આગળ વધે તો પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થાય છે. કોઈપણ મહિલાને માતા બનવા માટે શારીરિક જ નહીં પણ માનસિક રીતે પણ તૈયાર થવું પડે છે. વાસ્તવમાં સુખદ માતૃત્વનો આધાર જ આ છે, એમ જી. કે. જનરલ અદાણી હોસ્પિટલના ગાયનેક વિભાગના તબીબોએ જણાવ્યું હતું.

અદાણી મેલ

------------------------------------------------------------------------

## ગુગળ ઘટાડો

કચ્છની વનસ્પતિ જન્ય પેદાસ અને ઉત્તમ આર્યુવેદીક ઔષધી ગુગળનું ઉત્પાદન ઘટીને માત્ર 5 ટકા થયું છે. કાળક્રમે કચ્છમાં ગુગળના ઝાડ લુપ્ત થયા તો એ સાથે ગુગળ એકત્રીકરણના વ્યવસાય સાથે સંકળાયેલા ગુગળીયા પણ ઘસાઇ જતા ગુગળના વ્યવસાય પર માઠી અસર પડી છે.

N.P. જાગૃતિ વકીલ

----------------------------------------------------------------------